# ફ્લાઇટમાં ઇમરાન હાશમી સહિતના યાત્રીના જીવ તાળવે ચોંટ્યા

**મુંબઈથી** અમદાવાદ આવતી ફ્લાઇટનું બેવાર લેન્ડિંગ ફેઇલ



સુરત : મુંબઈથી અમદાવાદ આવી રહેલી ફ્લાઇટ પેસેન્જર્સના આજે જીવ તાળવે ચોંટી ગયા હતા. અક્સા એરની ફ્લાઇટ નં.QP 1781 અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થવા પ્રયાસો કર્યા, પરંતુ લેન્ડ થઈ શકી નહોતી. ખૂબ પ્રયાસો કરવા છતાં આ ફ્લાઇટ(Boeing 737 Max 8) બેવાર ઉપર આવી ગઈ હતી. અંતે ફ્લાઇટને જયપુર એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવી હતી.

બોલિવૂડ અભિનેતા ઈમરાન હાશ્મી તેની આગામી વેબ સિરીઝ "તસ્કરી"ના પ્રમોશન માટે અમદાવાદ આવવા ઈમરાન હાશ્મી આ ફ્લાઇટમાં આવી રહ્યો હતો. મંગળવારે સવારે તેઓ મુંબઈથી અમદાવાદ જવા માટે અકાસા એરની ફ્લાઈટમાં સવાર થયા હતા.

13 જાન્યુઆરી, 2026ના રોજ 8.40 વાગ્યે મુંબઈથી ટેકઓફ થઈ હતી. પરંતુ જ્યારે ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર લેન્ડિંગ માટે આવી, ત્યારે અચાનક ટેક્નિકલ અથવા ઓપરેશનલ કારણોસર મુશ્કેલી ઊભી થઈ. પાયલટ દ્વારા બે વખત લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ બંને પ્રયાસો નિષ્ફળ ગયા. મુસાફરોની સુરક્ષા સૌથી મહત્વપૂર્ણ હોવાથી પાયલટે તરત જ ફ્લાઈટને ડાયવર્ટ કરવાનો નિર્ણય લીધો. મળતી માહિતી અનુસાર આ ફ્લાઈટ 10 વાગ્યા આસપાસ અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ કરવાની હતી, પરંતુ બે વખત લેન્ડ કરવામાં આવી, બન્નેવાર ફ્લાઈટ ઉપર આવી ગઈ હતી. જેથી લોકોમાં ભયનો માહોલ હતો. તમામ પેસેન્જર્સ પરેશાન થઈ ગયા હતા. ત્યાર બાદ આ ફ્લાઈટને જયપુર એરપોર્ટ પર લેન્ડ કરાવવામાં આવી હતી.

## પીએમ મોદીની ડિગ્રી મામલે અરવિંદ કેજરીવાલની મુશ્કેલી વધી

અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી વિવાદ મામલે ગુજરાત હાઈકોર્ટે ફોજદારી અને ટ્રાયલ રદ કરવાની માંગ સાથેની કરાયેલી અરજી ફગાવી દેતા દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આપના નેતા સંજયસિંહની મુશ્કેલી વધી છે. હાઈકોર્ટે અરજી ફગાવી દેતા સમગ્ર મામલે અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહને ટ્રાયલ કોર્ટમાં હાજરી આપવા આવવું પડશે. ગુજરાત હાઈકોર્ટે ગત મહિને પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો અરવિંદ કેજરીવાલે અગાઉ સેશન્સ કોર્ટના આદેશને પડકાર્યો હતો. કેજરીવાલે દલીલ કરી હતી કે બંને આરોપીઓ સામે એકસાથે કેસ ચલાવી શકાય નહીં. અરવિંદ કેજરીવાલએ પોતાના કેસથી અલગ કરવાની અરજી કરી હતી. જેને કોર્ટ નકારી કાઢી હતી તેવી જ રીતે આપના નેતા સંજય સિંહ પણ દાખલ કરેલી અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે. આ મામલે ગુજરાત યુનિવર્સિટી દ્વારા બંને નેતાઓ સામે બંદનક્ષીનો દાવો કરવામાં આવ્યો છે. હાઈકોર્ટના આ આદેશ બાદ હવે કેસને આગળ વધવાનો માર્ગ મોકળો થશે.

# અમેરિકા માત્ર ૬ અબજ ડોલરમાં આખો ગ્રીનલેન્ડ દેશ ખરીદવા માગે છે

ગ્રીનલેન્ડ અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વધુ ને વધુ આક્રમક બની રહ્યા છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે જો બધું તેમની મરજી મુજબ નહીં થાય, તો અમેરિકા ગ્રીનલેન્ડ પર બળજબરીથી કબજો કરી લેશે. ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનથી યુરોપમાં રાજકીય ઉથલપાથલ મચી ગઈ છે, એટલું જ નહીં, પણ વિશ્વના સૌથી મોટા લશ્કરી જોડાણ નાટોના ભવિષ્ય અંગે પણ ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આ મુદ્દા પર યુરોપિયન યુનિયનના સંરક્ષણ કમિશનર એન્ડ્રેસ કુબિલિયસે ચેતવણી આપી છે કે જો અમેરિકા લશ્કરી બળ દ્વારા ગ્રીનલેન્ડ પર કબજો કરશે, તો તે નાટોનો અંત હશે. ગ્રીનલેન્ડે પોતે પણ સ્પષ્ટ કર્યું છે કે તેની સુરક્ષા કોઈ એક દેશ પર છોડી દેવી જોઈએ નહીં, પરંતુ નાટોના સામુહિક સુરક્ષા માળખામાં હોવી જોઈએ. ચીને પણ કડક વલણ અપનાવ્યું છે અને કહ્યું છે કે અમેરિકાએ પોતાનાં હિતોને પૂરાં કરવા માટે અન્ય દેશોનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ. તો મોટો પ્રશ્ન એ છે કે જો નાટોનો સૌથી શક્તિશાળી સભ્ય બીજા સભ્ય પર હુમલો કરવાની ધમકી આપે તો નાટોનું ભવિષ્ય શું હશે? નાટોનો મૃત્યુઘંટ સંભળાઈ રહ્યો છે.

**ટુ ધ પોઇન્ટ** — સમકિત શાહ

ગ્રીનલેન્ડ ડેનમાર્કનો સ્વાયત્ત પ્રદેશ છે. આબોહવા પરિવર્તને નવા શિપિંગ માર્ગો ખોલ્યા છે અને લશ્કરી હિલચાલને સરળ બનાવી છે. આના કારણે વિશ્વનાં મુખ્ય રાષ્ટ્રોમાં આ પ્રદેશ માટે સ્પર્ધા વધી છે. ગ્રીનલેન્ડ વિશ્વનો સૌથી મોટો ટાપુ છે, જે ઉત્તર અમેરિકા અને યુરોપ વચ્ચે સ્થિત છે. તે ડેનમાર્કનો ભાગ છે પરંતુ ૨૦૦૯ થી સ્વશાસિત છે. આબોહવા પરિવર્તનને કારણે બરફ પીગળી રહ્યો છે જેના કારણે ગ્રીનલેન્ડમાં દુર્લભ ખનિજો, તેલ અને ગેસના ભંડાર ખુલ્લા પડી રહ્યા છે. આર્કટિક સર્કલમાં સ્થિત ગ્રીનલેન્ડ ઉત્તરીય સમુદ્રી માર્ગનો એક ભાગ છે, જે એશિયા અને યુરોપ વચ્ચેના વેપારને ટૂંકાવી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ માને છે કે ગ્રીનલેન્ડ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે આવશ્યક છે કારણ કે તે રશિયા અને ચીનની પ્રવૃત્તિઓ પર નજર રાખી શકે છે. પત્રકારો સાથે વાત કરતાં ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ગ્રીનલેન્ડનું ભૌગોલિક સ્થાન અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે. હાલના લશ્કરી કરારો અમેરિકા માટે પૂરતા નથી.

હવે એવા સમાચાર આવ્યા છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ગ્રીનલેન્ડનાં લોકોને રોકડ રકમ ઓફર કરવા જઈ રહ્યા છે, જેથી તેઓ ગ્રીનલેન્ડને ડેનમાર્ક છોડીને અમેરિકાનો ભાગ બનાવવા માટે સંમત થાય. અમેરિકા ગ્રીનલેન્ડનાં રહેવાસીઓને પ્રતિ વ્યક્તિ ૧૦ હજાર ડોલરથી એક લાખ ડોલર સુધીની રોકડ મદદ આપવાની યોજના બનાવી રહ્યું છે. ગ્રીનલેન્ડ હાલમાં ડેનમાર્કનો અર્ધ-સ્વાયત્ત પ્રદેશ છે, જેની વસ્તી આશરે ૫૭,૦૦૦ છે. જો કે, ડોનાલ્ડ ટ્રમ્પની રોકડ




રકમની ઓફર હજુ તેના પ્રારંભિક તબક્કામાં છે. જો અમલમાં મૂકવામાં આવે તો તે અમેરિકના માત્ર ૬ અબજ ડોલરનો ખર્ચ કરીને ગ્રીનલેન્ડ ખરીદી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રની આ યોજનાની માહિતી સામે આવ્યા પછી ડેનમાર્ક અને તેના સાથી દેશોનો તણાવ વધી ગયો છે. ડોનાલ્ડ ટ્રમ્પ પોતાનાં નિવેદનોથી સમયાંતરે જે દેશોને નિશાન બનાવી રહ્યા છે ત્યાં ભય વ્યાપી ગયો છે. ફ્રાન્સ, જર્મની, ઇટાલી, પોલેન્ડ, સ્પેન, બ્રિટન અને ડેનમાર્ક દ્વારા એક સંયુક્ત નિવેદન બહાર પાડ્યું છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ગ્રીનલેન્ડના ભવિષ્ય વિશે નિર્ણય લેવાનો અધિકાર ફક્ત ગ્રીનલેન્ડ અને ડેનમાર્ક પાસે છે અને તેમાં અમેરિકન દખલગીરી યોગ્ય નથી. ડોનાલ્ડ ટ્રમ્પ તેવું માનતા નથી.

નાટો અથવા નોર્થ એટલાન્ટિક ટ્રિટી ઓર્ગેનાઈઝેશન ૧૯૪૯ માં સ્થાપિત થયું હતું. તેનો મૂળ હેતુ શીત યુદ્ધ દરમિયાન સોવિયેત યુનિયન સામે સામુહિક સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. નાટોમાં ૩૨ દેશોનો સમાવેશ થાય છે અને તેનો સૌથી મહત્ત્વપૂર્ણ પાયો કલમ ૫ છે. આ કલમ હેઠળ એક સભ્ય પરનો હુમલો બધા પરનો હુમલો માનવામાં આવે છે. ગ્રીનલેન્ડ ડેનિશ પ્રદેશમાં એક અર્ધ-સ્વાયત્ત પ્રદેશ છે. ઓછી વસ્તી હોવા છતાં, આ ટાપુ ખૂબ જ વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. ગ્રીનલેન્ડ આર્કટિક ક્ષેત્રમાં સ્થિત છે, જ્યાં નવા દરિયાઈ માર્ગો ઝડપથી ખૂલી રહ્યા છે. આ પ્રદેશ ખનિજ સંસાધનોથી સમૃદ્ધ માનવામાં આવે છે અને અમેરિકાએ પહેલાંથી જ ત્યાં લશ્કરી હાજરી જાળવી રાખેલી છે. ડોનાલ્ડ ટ્રમ્પ દલીલ કરે છે કે જો અમેરિકા ગ્રીનલેન્ડ પર નિયંત્રણ નહીં રાખે તો રશિયા કે ચીન ત્યાં પોતાનો પ્રભાવ વધારી શકે છે. જો કે, ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ બંનેએ સ્પષ્ટ કર્યું છે કે ગ્રીનલેન્ડ ન તો વેચાણ માટે છે અને ન તો દબાણ હેઠળ તેને સોંપવામાં આવશે. જો અમેરિકા અને ડેનમાર્ક વચ્ચે ટક્કર થાય છે, તો કલમ ૫ લાગુ કરી શકાતી નથી, કારણ કે આ માટે બધા સભ્યોની સર્વસંમતિ જરૂરી છે અને અમેરિકા પોતે પણ આનો એક પક્ષ હશે. આને નાટોની સૌથી મોટી નબળાઈ માનવામાં આવે છે. તે તેના પોતાના સભ્યો વચ્ચેના સંઘર્ષોનો સામનો કરવાનો સ્પષ્ટ માર્ગ પ્રદાન કરતું નથી. જો ડેનમાર્કને લાગે કે તેની સાર્વભૌમત્વ અથવા પ્રાદેશિક અખંડિતતા જોખમમાં છે, તો તેને નાટોના કલમ ૪ હેઠળ કટોકટીની બેઠક બોલાવવાનો વિકલ્પ છે. જો કે, આ કલમ હેઠળ આપમેળે લશ્કરી કાર્યવાહી ફરજિયાત બનતી નથી, પરંતુ તેનો હેતુ ફક્ત રાજકીય દબાણ લાવવાનો છે. નિષ્ણાતો માને છે કે આવી પરિસ્થિતિ નાટોમાં આંતરિક વિભાજન તરફ દોરી શકે છે. આ પરિસ્થિતિ ૨૦૦૩ ના ઇરાક યુદ્ધ જેવી હોઈ શકે છે, જ્યારે કેટલાક દેશો અમેરિકાની સાથે ઊભા હતા અને કેટલાક તેની વિરુદ્ધમાં હતા. ફરક એટલો જ હશે કે આ વખતે અમેરિકા કોઈ વિદેશી દેશને નહીં, પણ નાટો સભ્યને નિશાન બનાવશે. આ જ કારણ છે કે આ પડકારને નાટોના અસ્તિત્વ માટે અત્યાર સુધીનું સૌથી મોટું સંકટ માનવામાં આવી રહ્યું છે. અમેરિકા નાટોનું સૌથી શક્તિશાળી સભ્ય છે. તે સંરક્ષણ પર સૌથી વધુ ખર્ચ કરે છે, સૌથી વધુ સૈનિકો અને શસ્ત્રો ધરાવે છે અને નાટોનું લશ્કરી કમાન્ડ પરંપરાગત રીતે અમેરિકન જનરલ પાસે રહ્યું છે. જો અમેરિકા આક્રમણ કરે છે અથવા કોઈ અલગ રસ્તો પસંદ કરે છે, તો નાટો ખૂબ જ નબળું પડી જશે અને યુરોપને પોતાની સુરક્ષાની જવાબદારી પોતાના ખભા પર લેવી પડશે. ગ્રીનલેન્ડનો મુદ્દો ફક્ત જમીનના ટુકડાનો મુદ્દો નથી. તે આંતરરાષ્ટ્રીય કાયદા, રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને નાટોના આત્માનો પ્રશ્ન બની ગયો છે. જો અમેરિકા દબાણ અથવા બળનો આશરો લે છે, તો નાટો એક સંગઠન તરીકે ટકી શકે છે, પરંતુ તેના પર રહેલો પરસ્પર વિશ્વાસ તૂટી શકે છે. આ જ કારણ છે કે ગ્રીનલેન્ડ, ડેનમાર્ક, યુરોપ અને ચીન જેવા દેશો પણ આ વિવાદને ફક્ત એક ટાપુના મુદ્દા તરીકે જ નહીં પરંતુ વૈશ્વિક વ્યવસ્થાની એક મોટી કસોટી તરીકે જોઈ રહ્યા છે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોઈ પણ કિંમતે ગ્રીનલેન્ડને પોતાની સાથે જોડવા માંગે છે. ડોનાલ્ડ ટ્રમ્પનાં પગલાં સ્પષ્ટ કરે છે કે પૈસા હોય કે બળ, અમેરિકા ગ્રીનલેન્ડ પર પોતાનું શાસન સ્થાપિત ન કરે ત્યાં સુધી શાંત નહીં રહે. હવે પ્રશ્ન એ છે કે ડોનાલ્ડ ટ્રમ્પ કોઈ પણ કિંમતે ગ્રીનલેન્ડને પોતાની સાથે જોડવા કેમ માંગે છે? તેમને શેનો ડર છે? ડોનાલ્ડ ટ્રમ્પને ગ્રીનલેન્ડમાં ચીન અને રશિયાની સંડોવણીનો ડર છે. આ જ કારણે ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એક વાર ગ્રીનલેન્ડ પર પોતાનો દાવો મજબૂત બનાવ્યો છે અને કહ્યું છે કે જો અમેરિકા ટાપુનો કબજો નહીં લે તો રશિયા કે ચીન બંનેમાંથી કોઈ એક કરશે. જો અમેરિકા ગ્રીનલેન્ડનો કબજો નહીં લે, તો તે અમેરિકન સુરક્ષા માટે ખતરો હશે.

ગ્રીનલેન્ડની આસપાસ દરેક જગ્યાએ રશિયન યુદ્ધજહાજો, ચીની યુદ્ધ જહાજો અને રશિયન સબમરીન હાજર હોય છે. અમેરિકા ગ્રીનલેન્ડને લશ્કરી અને વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી મહત્ત્વપૂર્ણ માને છે. ગ્રીનલેન્ડનો થુલે બેઝ મિસાઇલ સંરક્ષણ અને અવકાશ દેખરેખ પૂરી પાડે છે. ભૂરાજકીય રીતે ગ્રીનલેન્ડ નાટોનો ભાગ છે, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પ યુરોપિયન સાથીઓથી અસંતુષ્ટ છે. તેમણે આરોપ લગાવ્યો છે કે નાટોના દેશો મળીને ગ્રીનલેન્ડનું રક્ષણ કરી રહ્યા નથી.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**હવે એવા સમાચાર આવ્યા છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ગ્રીનલેન્ડનાં લોકોને રોકડ રકમ ઓફર કરવા જઈ રહ્યા છે, જેથી તેઓ ગ્રીનલેન્ડને ડેનમાર્ક છોડીને અમેરિકાનો ભાગ બનાવવા માટે સંમત થાય**

# કચ્છના નલિયામાં ઠંડીથી આંશિક રાહત, તાપમાન વધીને 7.8 ડિગ્રી



### અમીત શાહની ઉતરાણ અમદાવાદમાં, કાર્યકરો સાથે પતંગ ચગાવશે

ગાંધીનગરઃ કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ આજથી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે આવી પહોંચ્યા છે. ખાસ કરીને કેન્દ્રિય ગૃહમંત્રી આવતીકાલે અમદાવાદમાં કાર્યકરો સાથે ઉત્તરાયણ ઉજવશે. તે પહેલા સવારે 10.30 વાગ્યે અમદાવાદના જમાલપુર સ્થિત જગન્નાથજી મંદિરે દર્શન કરવા જશે. તે પછી શાહ નારણપુરા- સોલા રોડ પર સૂર્યા એપાર્ટમેન્ટ, નારણપુરા અર્જુન ગ્રીન ફલેટસ, નારણપુરા - આસ્થા ઓપલ અને બપોરે 3.45 કલાકે નવા વાડજ અભિષેક એપાર્ટમેન્ટ ખાતે ઉત્તરાયણની ઉજવણી કરશે.

**જો કે** આગામી બે દિવસ રાજ્યભરમાં ઠંડીનું મોજું પ્રભાવી રહેવાની સંભાવના

ગાંધીનગરઃ આગામી 48 કલાક એટલે કે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ દરમ્યાન રાજ્યમાં ઉત્તર, ઉત્તર - પશ્ચિમી પવન રહેશે, જે પાછળથી ઉત્તર - ઉત્તર - પૂર્વીય પવન થઈ શકે છે. આગામી 48 કલાક દરમિયાન રાજ્યમાં કાતિલ ઠંડીનું મોજું પણ રહેશે. આજે રાજ્યમાં કચ્છના નલિયામાં કાતિલ ઠંડીનો ભનુભવ થયો હતો. નલિયામાં 7.6 ડિ.સે., ઠંડી નોંધાઈ હતી. આગામી 48 કલાક ગુજરાતમાં તીવ્ર ઠંડીનો રાઉન્ડ રહેવાનો છે. કચ્છમાં હજુયે 2થી 3 ડિગ્રી જેટલો ઠંડીનો પારો નીચે ઉતરી જવાની પણ હવામાન વિભાગે ચેતવણી આપી છે.

### ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણે પવન સારો રહેશે

ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ બંને દિવસે રાજ્યમાં સરેરાશ 5થી 15 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સવારના સમયમાં પવનની ગતિ ધીમી રહેશે અને 10 વાગ્યા પછી પવનની ઝડપમાં વધારો થઈ શકે છે. ઉત્તરાયણ પર્વે પતંગ રસિકોએ બહુ ઠુમકા નહીં મારવા પડે તેવું દેખાઈ રહ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ એમ બંને દિવસે સવારે 10 વાગ્યા પછી પવનની સ્પીડમાં વધારો થશે. બપોર પછી પવનનું જોર પતંગબાજી માટે યોગ્ય માહોલ સર્જશે. 14 જાન્યુઆરીએ અમદાવાદ સહિત ગુજરાત રિજિયનમાં પવનની દિશા ઉત્તર-પશ્ચિમથી ઉત્તર તરફ રહેશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, હવે આગામી 48 કલાક સુધી રાજ્યમાં કાતિલ ઠંડી અનુભવાશે. હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે રાજ્યમાં આજે ભૂજમાં 11 ડિ.સે., નલિયામાં 7.8 ડિ.સે., કંડલા પોર્ટ પર 12 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 9 ડિ.સે., અમરેલીમાં 12 ડિ.સે., ભાવનગરમાં 16 ડિ.સે., રાજકોટમાં 11 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 13 ડિ.સે., મહુવામાં 15 ડિ.સે., કેશોદમાં 13 ડિ.સે., અમદાવાદમાં 16 ડિ.સે., ડીસામાં 12 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 15 ડિ.સે., વડોદરામાં 15 ડિ.સે. અને સુરતમાં 16 ડિ.સે. જ્યારે દમણમાં 19 ડિ.સે., લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# BUSINESS મિત્ર

**નિફ્ટી વીકલી એક્સપાયરીના પગલે પોઝિટિવ ખુલેલું શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યું**

# શેરબજારમાં 'ટ્રમ્પ કાર્ડ'થી ફફડાટ: સેન્સેક્સ ઇન્ટ્રાડે હાઈથી 995 પોઈન્ટ તૂટ્યો

**ઇરાન** ટેરિફની જાહેરાતથી રોકાણકારોના રૂ. 93 હજાર કરોડ સાફ

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 13:** ભારતીય શેરબજારમાં કોઈક સારા સમાચારથી સુધારો આવે તેની સાથે એક ખરાબ સમાચાર આવી જ જાય છે. હજુય શેરબજારમાં રીકવરીને 24 કલાક થયા નથી, ત્યાં ટ્રમ્પના વધુ એક નિવેદશથી શેરબજારમાં ફરીથી ફફડાટ જોવા મળ્યો હતો, જેના લીધે પોઝિટિવ ખુલેલું શેરબજાર લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. જોકે, નિફ્ટી વીકલી એકસપાયરીની પણ અસર રહી હતી. સૌથી વધુ ધોવાણ હેવીવેઇટ શેરોમાં રિલાયન્સ અને લાર્સન-ટુબ્રો પર જોવા મળ્યું હતું.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો પર 25 ટકા ટેરિફની જાહેરાત કરી છે, જેનાથી હોબાળો મચી ગયો છે. અસ્થિર માહોલમાં વધુ એક ટ્રમ્પે ઝટકો માર્યો છે. આમ, સેન્સેક્સ ઈન્ટ્રાડે હાઈથી 995 પોઈન્ટ તુટયો હતો. જ્યારે નિફ્ટી 25600ની નજીક આવી ગઈ હતી. જેના પરિણામે બીએસઈ લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં રૂ. 93 હજારનું નુકશાન થયું હતું. આજે સેન્સેક્સના 30 શેરોમાંથી માત્ર 10 શેરો પોઝિટિવ રહ્યા હતા.

કંપનીઓના ત્રીજા કવાર્ટરના પરિણામની મોસમ શરૂ થઈ ગઈ છે. જેમાં આઈટી અને બેન્ક શેરમાં સુધારાની ચાલ જોવાઈ હતી. જ્યારે કન્ઝયુમર ડ્યુરેબલ્સ, રિયલ્ટી અને ફાર્મા શેરોમાં નરમાઈ જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ 250.48 પોઈન્ટ એટલે કે 0.3 ટકા વધીને 83627.69 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 84258 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 83262 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 57.95 પોઈન્ટ એટલે કે 0.22 ટકા ઘટીને 25732.30 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25899 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25603 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 128.30 પોઈન્ટ એટલે કે 0.22 ટકા સુધરીને 59578.80 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ઓથમ ઈન્વેસ્ટમેન્ટ 10.21 ગણા, યુનાઈટેડ સ્પીરીટ 9.84 ગણા, મેક્સ ફાઈ. 6.92 ગણા, કોરોમાંડલ ઈન્ટરનેશનલ 6.89 ગણા અને ફેડરલ બેન્ક 5.66 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે આઈટીઆઈ લિ. 31.47 ગણા, ઓથમ ઈન્વેસ્ટમેન્ટ 26.98 ગણા, મહારાષ્ટ્ર સ્કુટર 7.88 ગણા, ઓઈલ ઈન્ડિયા 4.53 ગણા અને આઈએફસીઆઈ 3.83 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.16 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.46 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જોકે, માર્કેટ બ્રેડથ નેગેટિવ રહી હતી. બીએસઈ ખાતે 2041 શેરો વધ્યા હતા, જ્યારે 2097 શેરો યથાવત રહ્યા હતા ને 200 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી કન્જયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ 0.89 ટકા ઘટ્યા હતા. સતત ચાર ટ્રેડિંગ સેશનમાં 3.03 ટકા ઘટ્યો હતો. જેમાં ડિકસન ટેકનો, વ્હલપુર્લ ઈન્ડિયા, કલ્યાણ જવેલર્સ, હેવેલ્સ ઈન્ડિયા, પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ, વોલ્ટાસ, વી ગાર્ડ ઈન્ડ., બાટા ઈન્ડિયા, કજારિયા સીરામીક્સ અને બ્લુ સ્ટાર ઘટ્યા હતા, બીજી તરફ, સેન્ચુરી પ્લાયબોર્ડસ, ક્રોમ્પ્ટન ગ્રીવ્સ, અને અંબર એન્ટરપ્રાઈઝ વધ્યા હતા.

ભૂરાજકીય વિકાસ, ફુગાવાના ડેટા અને કવાર્ટરલી કમાણીની મોસમ પર સાવચેત નજર રાખતા યુરોપિયન બજારોમાં નરમાઈ જોવા મળી હતી. ઈરાન અને વેનેઝુએલામાં ભૌગોલિક રાજકીય ફલેશપોઈન્ટસ તેમજ યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલની ગુન્હાહિત તપાસની અસર રહી હતી. જાપાન આ મહિનાના અંતમાં ગૃહને વિખેરીનને ફેબ્રુઆરીમાં ત્વરિત ચુંટણી યોજે તેવી સંભાવનાના પગલે જાપાનનો નિક્કી ઉછળ્યો હતો. ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શન વચ્ચે વેપારીઓ ક્રુડ ઓઈલના ભાવો પર પણ ચાંપતી નજર રાખશે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાનમાં હસ્તક્ષેપ માટેના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.10 ટકા, કેક 0.28 ટકા ઘટાડા સાથે બંચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.50 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે.

### રૂપિયો નજીવો ઘટ્યો

અમદાવાદ, તા. 13: કરન્સી બજારમાં આજે ડોલરમાં સુધારો આગળ વધ્યો હતો અને રૂપિયો નજીવો ઘટ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 2 પૈસા ઘટીને 90.19ના સ્તરે બંધ રહ્યો હતો, જ્યારે ગત સેશનમાં 90.17ના સ્તર બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 104.87, પાઉન્ડ 121.87, કેનેડિયન ડોલર 64.88, ઓસ્ટ્રેલિયન ડોલર 60.42, જાપાનીઝ યેન 0.5677 અને સીંગાપોર ડોલર 69.91ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.19 રૂ. |
| યુરો | 104.87 રૂ. |
| પાઉન્ડ | 121.87 રૂ. |
| યેન | 0.5678 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -250.48 | 83627.69 |
| નિફ્ટી | -57.95 | 25732.30 |
| બેન્ક નિફ્ટી | 128.30 | 59578.80 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 3.42 | 243.78 |
| ઇટર્નલ | 3.26 | 294.55 |
| ટેક મહિન્દ્રા | 1.81 | 1614.80 |
| હિન્દાલ્કો | 1.76 | 936.30 |
| ICICI બેન્ક | 1.69 | 1437.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 3.32 | 3921.90 |
| લાર્સન-ટુબ્રો | 3.27 | 3887.40 |
| રિલાયન્સ | 2.05 | 1452.80 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.99 | 1191.30 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.87 | 4759.50 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 3.24 | 294.50 |
| ટેક મહિન્દ્રા | 1.74 | 1613.05 |
| ICICI બેન્ક | 1.66 | 1436.55 |
| એસબીઆઇ | 1.32 | 1028.45 |
| ટીસીએસ | 0.99 | 3267.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 3.39 | 3919.50 |
| લાર્સન-ટુબ્રો | 3.25 | 3888.05 |
| રિલાયન્સ | 2.14 | 1451.50 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 1.95 | 4759.10 |
| આઇટીસી | 1.09 | 334.65 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૫૬૭૦ |
| તેજાબી સોનું | ૧૪૫૫૮૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૩૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૨૭૫૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૫૬૭૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૭૦૭૫ |
| ચાંદી સિક્કા | ૨૭૮૫૭૫ |

# ઇક્વિટી કેશ સેગમેન્ટમાં માર્જિન ઘટાડવાના પ્રસ્તાવને મંજુરી

**છેલ્લા** ત્રણ વર્ષોમાં કેશ સેગમેન્ટના ટ્રેડિંગ વોલ્યુમ બમણુ થઇ ગયું, પણ ડેરિવેટિવ્ઝ કરતા ઘણું ઓછું વધ્યું

નવી દિલ્હી, તા. 13: સેબી સમિતિએ કેશ સેગમેન્ટ પર માર્જિન ઘટાડવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આનાથી બજારમાં કેશ સેગમેન્ટને પ્રોત્સાહન મળશે. આ મામલાથી પરિચિત સૂત્રોએ જણાવ્યું હતું કે સેબીએ હવે આ મામલે અંતિમ નિર્ણય લેવાનો છે.

એક સૂત્રએ જણાવ્યું હતું કે, પેનલે કેશ સેગમેન્ટમાં માર્જિન ઘટાડવાના પ્રસ્તાવને લીલી ઝંડી આપી દીધી છે. તેમણે હાલની સિસ્ટમની સમીક્ષા કરવા પણ સંમતિ આપી છે. પેનલે જોખમને સારી રીતે આવરી લેવા માટે યોગ્ય માર્જિન એકત્રિત કરવાની સલાહ આપી છે. જોકે, પેનલનું કહેવું છે કે તે 12.5 ટકાથી ઓછું ન હોવું જોઈએ. હવે સેબી આ મુદ્દે અંતિમ નિર્ણય લેશે.

હાલમાં, મોટાભાગના શેરો માટે વેલ્યુ એટ રિસ્ક અને એક્સ્ટ્રીમ લોસ માર્જિન 12.5 અને 20 ટકાની વચ્ચે છે. બજારની વધઘટને કારણે મહત્તમ સંભવિત નુકસાનને આવરી લેવા માટે વીએઆર માર્જિન લાદવામાં આવે છે. તેવી જ રીતે, ઈએલએમ એ વધારાનું માર્જિન છે જે એક્સચેન્જો સામાન્ય માર્જિન ઉપરાંત લાદે છે.

બીજા સૂત્રએ જણાવ્યું હતું કે, સેબીએ આ સંદર્ભે ડેટાની વધુ તપાસ કરવી પડશે. તે પછી, તે ક્લિયરિંગ કોર્પોરેશન, એક્સચેન્જો અને અન્ય પક્ષોનો અભિપ્રાય લીધા પછી અંતિમ નિર્ણય લેશે. માર્જિન સિસ્ટમમાં જોખમ ઘટાડે છે. જો ક્લાયન્ટ ચુકવણી કરવામાં અથવા વેચાયેલા શેર પ્રદાન કરવામાં નિષ્ફળ જાય છે, તો માર્જિન જોખમોને આવરી લેવામાં મદદ કરે છે.

સેબીનું ધ્યાન કેશ માર્કેટમાં વોલ્યુમ વધારવા પર છે. છેલ્લા ત્રણ વર્ષમાં રોકડ સેગમેન્ટમાં ટ્રેડિંગ વોલ્યુમ બમણું થયું છે. જો કે, આ ઈક્વિટી ડેરિવેટિઝ સેગમેન્ટના વોલ્યુમ કરતા ઘણી ઓછી વધી છે. સેબીના ચેરમેન તુહિન કાંત પાંડેએ વારંવાર કેશ માર્કેટમાં વોલ્યુમ વધારવા પર ભાર મૂક્યો છે.

સેબીના આંકડા અનુસાર, નાણાકીય વર્ષ 2020માં રોકડ બજારમાં સરેરાશ દૈનિક ટર્નઓવર 39148 કરોડ રૂપિયા હતું. નાણાકીય વર્ષ 2021માં તે વધીને રૂ. 66007 કરોડ થઈ ગઈ. નાણાકીય વર્ષ 2022માં તે વધીને 72,368 કરોડ રૂપિયા થઈ ગયું છે. નાણાકીય વર્ષ 2023માં તે ઘટીને 57,666 કરોડ રૂપિયા થઈ ગયું છે. નાણાકીય વર્ષ 2024માં તે 87,978 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. નાણાકીય વર્ષ 2025માં તે વધીને રૂ. 120782 કરોડ થઈ ગયું હતું. આ નાણાકીય વર્ષમાં આ ડેટા વધુ વધી શકે છે.

સેબીને ઈક્વિટી કેશ માર્કેટમાં વોલ્યુમ વધારવા માટે ઘણા સૂચનો મળ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આમાં સ્ટોક ધિરાણ અને ઉધાર માળખાને મજબૂત બનાવવા, ઈટીએફમાં ભાગીદારી વધારવા અને ઈન્ટ્રા-ડે કેશ માર્કેટ ટ્રેડમાં એસીટીટીને દૂર કરવા અથવા ઘટાડવાની દરખાસ્તોનો સમાવેશ થાય છે.

# બજેટમાં ફેરફાર કરાશે તો ભારત મેન્યુફેક્ચરીંગ હબ બનશેઃ ડેલોઇટ

**ડેલોઇટ** ઇન્ડિયાએ મેન્યુફેક્ચરીંગ અને નિકાસને વેગ આપવા માટે આયાત ડ્યુટીમાં ફેરફાર સુચવ્યા

નવી દિલ્હી, તા. 13: કેન્દ્રીય બજેટ 2026-27 પહેલા, ડેલોઈટ ઈન્ડિયાએ મેન્યુફેક્ચરિંગ અને નિકાસને વેગ આપવા માટે આયાત ડ્યુટી અને અંદાજપત્રીય સહાયમાં ફેરફાર સૂચવ્યા છે. કંપનીએ સેઝ સુધારા, ફિનિશ્ડ પ્રોડક્ટ્સ પર ઊંચી ફી અને પાર્ટ્સ પર ઓછી ફી તેમજ પીએમપીના વિસ્તરણની પણ ભલામણ કરી છે.

ભારતનું યુનિયન બજેટ 2026-27 રજૂ થવાનું છે, ત્યારે ડેલોઈટ ઈન્ડિયાએ કહ્યું છે કે જો આયાત ડ્યુટીમાં ફેરફાર કરવામાં આવે અને બજેટમાં વધુ નાણાં આપવામાં આવે તો મેન્યુફેક્ચરિંગને મજબૂત બનાવી શકાય છે અને નિકાસ પણ વધી શકે છે. કંપનીએ સૂચન કર્યું છે કે બજેટમાં એવા પગલાંનો સમાવેશ થવો જોઈએ જે દેશની ઉત્પાદન અને નિકાસ ક્ષમતા વધારવામાં મદદ કરે છે.

ડેલોઈટે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (એસઈઝેડ)માં ફેરફારની ભલામણ કરી છે. આમાં સ્થાનિક સપ્લાય પર ડ્યુટી મુક્તિ, સબ-કોન્ટ્રાક્ટિંગના નિયમોમાં સરળતા, મૂલ્યવર્ધન પર કસ્ટમ ડ્યુટીમાં મુક્તિ અને લિમિટેડ કસ્ટમ્સ એમ્નેસ્ટી સ્કીમનો સમાવેશ થાય છે.